# નાતાલ-નૂતન વર્ષનાં વધામણાં



નાતાલ પર્વ, નૂતન વર્ષ નિમિત્તે ખ્રિસ્તી ભાઈઓ દ્વારા ઈન્ફોસિટી ખાતે પ્રભુ ઈસુનાં ગીતોનો એક વિશિષ્ટ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ઈસુનો શાંતિનો સંદેશ આપતાં ગીતો આ કાર્યક્રમ હેઠળ ગાવામાં આવ્યાં હતાં. ગુજરાતી, અંગ્રેજી, હિન્દી ગીતોની સાથે શાંતા ક્લોઝે પણ આ કાર્યક્રમમાં આકર્ષણ જગાવ્યું હતું.

# પ્રભુ ઈસુ મારે આંગણે પધાર્યા





પ્રભુ ઈસુના જન્મની વધામણીની આબેહૂબ પ્રતિકૃતિ ગાંધીનગર શહેરના પ્લૉટ નં. ૧૮૦/૧, સૅક્ટર-૩ ન્યૂ ખાતે રહેતા શાંતિભાઈ પરમારના પરિવાર દ્વારા નાતાલ અને નૂતન વર્ષ નિમિત્તે તૈયાર કરવામાં આવી છે. રેતી, કોથળા, ઈંટો, માટી, વાંસ, લાકડીઓ, સૂકા ઘાસના પૂળા ને ચુના જેવી વસ્તુઓથી ઈસુના જન્મની વાતોને પ્રતિકાત્મક રીતે પ્રસ્તુત કરવામાં આવી છે. નગરજનોના દર્શનાર્થે પાંચમી જાન્યુઆરી સુધી આ વિશેષ અભિવ્યક્તિ કાયમ રાખવામાં આવી છે ને તેને નિહાળવા પરમાર પરિવાર દ્વારા સૌ રસિક નગરજનોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ડાયરેક્ટ સે

હસું છું, હસાવું છું
હસવાની મને ટેવ છે
પ્રેમ કરું છું તમને
ને પ્રેમથી પૂછું છું
તબિયત પાણી કેમ છે ?

## નવા વર્ષનાં વધામણાં

નવા વર્ષના સૂર્યોદયને મન ભરીને માણીએ. ઊગતા સૂરજનાં કોમળ કિરણોના કર્મયોગના સંદેશને ઝીલીએ. વિતી ક્ષણોનાં મધુર સ્મરણોને મમળાવીએ. અંતર અંતર વચ્ચેનું અંતર ઘટાડી દઈએ. શ્વાસમાં વિશ્વાસની વાતો ભરીએ. મમતાના મહાસાગર છલકાવીએ. સ્નેહની સુવાસ પ્રસરાવીએ. વાદળની જેમ ભર્યા ભર્યા વરસી પડીએ. પૂર્વગ્રહોની ગાંઠને તોડી-છોડી મોકળા મને આત્મીય બનીએ. ઉશ્કેરાટ અને ઈર્ષાને સળગાવી દઈએ. આદર અને આવકારથી સૌના બની રહીએ. આવનાર વર્ષોના પડકારોને પહોંચી વળવા ક્ષમતા કેળવીએ. મસ્ત વ્યસ્ત બની પ્રત્યેક ક્ષણને જીવી લઈએ. વહેતી નદીના જળની જેમ નિર્મળ બનીએ. શિશુ જેવા સરલ અને સહજ બનીએ.

કલેશના કુરુક્ષેત્રમાં કૃષ્ણપ્રેમ વેરીએ. સંપ, સુમેળ અને સહયોગથી જીવન સફર કાપતા જઈએ. મહત્ત્વાકાંક્ષાની મંઝીલને આંબવા પરમ કૃપાળુ પરમાત્માના આશિષ મેળવીએ. શબ્દોના સ્પર્શથી સંબંધો બાંધીએ. કડવાશ અને કર્કશતાને ઓગાળી સામંજસ્યનો સમાજ ઊભો કરીએ.

નવા વર્ષને હેતભર્યા હૈયે આવકારીએ.

**- શૈલેષ પંડ્યા (ઇન્ફોસિટી)**

### પ્રેરણા વિદ્યાલયના

# વિદ્યાર્થીઓને સામાન્ય વીમા અંગે જાણકારી અપાઈ



ગાંધીનગર, તા. ૧

સૅક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયમાં ભારત સરકાર સંલગ્ન નૅશનલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ દ્વારા વીમા પૉલિસી તથા યોગ વિશેની માહિતી આપતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્શ્યોરન્સ કંપનીના સિનિયરડિવિઝનલ મૅનૅજર મોસમીબેન ચેટર્જી, સિનિયર ઑફિસર જાગૃતિબેન મહેતા, રાકેશભાઈ ભટ્ટ અને યોગ ઈન્ટ્રક્ટર મહેન્દ્રભાઈ પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ધોરણ-૧૧, ૧૨ના વિદ્યાર્થીને વીમા પૉલિસી વિશેની માહિતી આપી હતી. ઘરેલુ સામાન માટેની, દુકાનના સામાન માટેની, વિદેશી યાત્રા માટેની, દુર્ઘટના કે નુકશાન માટેની વીમા પૉલિસી વિશેની સમજૂતી આપવામાં આવી હતી અને તેમના દ્વારા જ વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો થાય તે માટે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓને સ્મૃતિ ભેટ પણ આપવામાં આવી હતી.

મહેન્દ્રભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને યોગ કરાવવામાં આવ્યો હતો તથા યોગથી થતા ફાયદા વિશે સમજૂતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાનાં શિક્ષક પારૂલબા રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓને આ ઉપયોગી માહિતી બદલ પ્રેરણા વિદ્યાલય પરિવાર વતી ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા અને આચાર્ય મનીષ ખત્રી દ્વારા ઈન્શ્યોરન્સ કંપની તથા તેના પદાધિકારીઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

# બાળકોને આધાર કાર્ડ માટે આધાર મળ્યો



ધોળાકુવા ખાતે રહેતા શ્રમજીવી પરિવારના બાળકોને ઘરઆંગણે જ આધાર કાર્ડ મળી રહે તે માટે ધોળાકુવા ટેન્ટ એસટીપી વર્ગના બાલમિત્ર પ્રફુલ્લાબેન ભાવસારે સુંદર કામગીરી કરી બાળકોને આધારકાર્ડ અપાવ્યા હતા. લગભગ ૪૦ જેટલા બાળકોના આધારકાર્ડ કઢાવવાની કામગીરી તેઓએ ગ્રામજનોના સહયોગથી પુર્ણ કરી છે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ.બી. પટેલ ગર્લ્સ સ્કુલમાં તાજેતરમાં વિદ્યાર્થીનીઓમાં સાહિત્ય પ્રત્યે રસ તથા રૂચિ ઉજાગર કરવા ભાષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો-૧ થી ૮ના ૨૫૦ વિદ્યાર્થીની દ્વારા પાઠયપુસ્તકો આધારિત અભિનીત કાવ્યો તથા અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી તથા ગુજરાતી ભાષાના નાટકોનો રસાસ્વાદ પીરસવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાન ગીજુભાઈ દવેએ પ્રસંગોચિત વકતવ્યમાં વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરી હતી. શાળાના આચાર્યા નીરૂબેન પટેલે સર્વે બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.



ગુજરાતમાં સ્થપાયેલા સ્પોર્ટસ યુનિવર્સીટી તેના નવીન અભ્યાસક્રમ અને કામગીરી માટે રાષ્ટ્રીય સ્તરે નામના મેળવી રહી છે. છત્તીસગઢ અને કર્ણાટકમાં ગુજરાતની સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિ.ની જેમ જ અલાયદી સ્પોર્ટસ યુનિવર્સિટી સ્થાપવાનો પ્રસ્તાવ હોઈ આ બંને રાજયોના પ્રતિનિધિઓએ તાજેતરમાં સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટી ગાંધીનગરની મુલાકાત લઈ અહીં ચાલતા વિવિધ અભ્યાસક્રમો અને સમગ્ર વહીવટી માળખાની તલસ્પર્શી વિગતો મેળવી હતી.

# આર્ષ દ્વારા "ભક્તરાજ હર્ષદરાય દવે" વિષયે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું



'આર્ષ' શોધ સંસ્થાન, અક્ષરધામ ગાંધીનગર દ્વારા તાજેતરમાં વ્યક્તિવિશેષ વિષયક પ્રવચનના ભાગરૂપે "પરમ ભક્તરાજ સાક્ષરવર્ય શ્રી હર્ષદરાય દવે" વિષયક ૭૮ માં પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બીએપીએસ શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરના પ્રાચાર્ય પૂ. આત્મતૃપ્તદાસ સ્વામી તેમજ અક્ષરધામ, ગાંધીનગરના મહંતશ્રી, પૂ. આનંદસ્વરૂપદાસ સ્વામીએ વક્તવ્યનો લાભ આપ્યો હતો. પ્રવચનમાં આશરે ૧૫૦૦ જેટલા શ્રોતાઓએ ભાગ લીધો હતો.

પરમ ભક્તરાજ સાક્ષરવર્ય શ્રી હર્ષદરાય દવે ના વ્યક્તિત્વ પર પ્રકાશ પાડતાં આત્મતૃપ્તદાસ સ્વામીએ જણાવ્યું કે, સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસની અદ્વિતીય ગાથા રચનાર વિરલ વ્યક્તિ એવા શ્રી હર્ષદરાય દવે મહાન ગુણાતીત સત્પુરુષની ત્રિપુટી - શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને અત્યંત પ્રિય અને કૃપાપાત્ર હતા. તેઓ પોતાના સંબંધમાં જે આવે તેમને ભગવાન સ્વામિનારાયણ અને સત્પુરુષનો મહિમા કહીને તેને પ્રગટ સત્પુરુષના સંબંધમાં લાવી દેતા.

હર્ષદભાઈની સમજશક્તિ, ગ્રહણશક્તિ, યાદશક્તિ પણ ખૂબ જ અને તેથી જ, ભવિષ્યમાં તેમના દ્વારા સંપ્રદાયના અદ્ભૂત ગ્રંથો લખાશે એમ ધારીને જ શાસ્ત્રીજી મહારાજ તેમની ઉપર અઢળક ઢળ્યા હતા. તેમણે લખેલા ગુણાતીત ગુરુઓ અને ભગવાન સ્વામિનારાયણના જીવન વિષેના દળદાર ગ્રંથોમાં અક્ષર અને પુરુષોત્તમનું તત્ત્વજ્ઞાન આપી દીધું. જો આ ગ્રંથો ન લખાયા હોત તો આપણને બહુ મોટી ખોટ પડત. કેવળ વાતો કરેલી હોય તે ભવિષ્યમાં ભૂંસાઈ જાય પણ ઉપાસનાની વાતો ગ્રંથોમાં લખીને, આપણા માટે તથા ભવિષ્યની પેઢીને માટે પણ સુલભ કરી આપી છે.

જ્યારે આદર્શ જીવનચરિત્રોની ચર્ચા કરવામાં આવે ત્યારે તેમને લખેલા ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ તથા ભગવાન સ્વામિનારાયણના પાંચ દળદાર જીવનચરિત્રોના ગ્રંથોની નોંધ લેવી જ પડે. એમાં જ તેમણે ભગવાન સ્વામિનારાયણનો હૃદયગત અભિપ્રાય, રહસ્ય અને સિદ્ધાંત વણી દીધાં છે.

પોતે જે સિદ્ધાંતમાં શ્રદ્ધા રાખતા હતા તેનો શિર સાટે પણ પક્ષ રાખવાની ધગશ હર્ષદભાઈમાં હતી. તેમણે કેટલાય મુમુક્ષુને વાતો કરીને સત્સંગને માર્ગે વાળ્યા છે. તેમની વાતો સાંભળવા મોટા મોટા હરિભક્તો, તથા સંતો પણ આતુર રહેતા. છતાં હર્ષદભાઈ તો દાસના દાસ થઈને રહ્યા છે. તેમણે ધાર્યું હોત તો કેટલાયને પોતાનામાં જોડ્યા હોત, પરંતુ ગુરુ થવાનો સંકલ્પ સરખોય કર્યો નથી. પોતાપણાનો ભાવ આવવા દીધો નથી. તેમણે પ્રત્યક્ષ સત્પુરુષ સામે જ આંગળી ચીંધી છે અને પ્રગટ સત્પુરુષમાં જ બધાને જોડ્યા છે.

એક ગૃહસ્થે હર્ષદભાઈને કહેલું કે તમે તો પારકાના છોકરાને જતિ કરવા નિકળી પડ્યા છો? વસ્તુતઃ એમ નહોતું. તેમણે પ્રથમ પોતાનો ભણેલો, સ્નાતક થયેલો, કુટુંબની જવાબદારી ઉપાડે એવો ગુણીયલ પુત્રને, સાધુ થવા (પૂ. ઈશ્વરચરણદાસ સ્વામી)ને યોગીજી મહારાજને અર્પણ કરી દીધો. એવું કહી શકાય કે, હર્ષદભાઈએ પોતાનાં ધન, ધામ, કુટુંબ, પરિવારને સ્વામી-મહારાજની ભક્તિ કરવામાં અને શાસ્ત્રીજી મહારાજને રાજી કરવામાં અર્પણ કરેલાં. તેમણે પોતાના જીવનમાં કોઈ દિવસ ગુરુ થઈને પૂજાવવાનો પ્રયત્ન કર્યો નથી કે પોતાની કોઈ પણ મોટપ કે માનીનતા દેખાડી નથી. અને બીજું શાસ્ત્રીજી મહારાજમાં જોડાયા પછી યોગીજી મહારાજને ઓળખવા, એવી રીતે યોગીબાપાના ધામમાં પધાર્યા પછી પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે નિષ્ઠા રહેવી તે ખરેખર અક્ષરધામના મુક્ત હોય એને જ ઓળખાય. આમ ત્રણ દિવ્ય પુરુષોનો લાભ લીધો છે.

# મારા પિતા અને મારા પતિનું મારા જીવનમાં સવિશેષ યોગદાન રહ્યું છે

**સંવેદના**
**મારી જીવન પ્રેરણા**

મારા જીવનની પ્રેરણાના સ્ત્રોત એકથી વધુ રહ્યા છે. હું નાનો હતો ત્યારે મારાં બા મારા માટે મોટી પ્રેરણા સમાન હતાં. એ સમય જ એવો હતો કે એક તો ટાંચાં સાધનો અને સુખ-સુવિધા નામની જ. તેમ છતાં બધાં કામને એ સમયસર પહોંચી વળતાં હતાં. હૈયાની ઉલકત અને પરિશ્રમથી એ બધું પાર પાડતાં. આથી બધાં કામ સમયસર કરી લેવાં, સમયનો ઉપયોગ કરવો અને મહેનત કરવાથી કદી પાછા ન પડવું આટલી પ્રેરણા મને તેમના જીવનમાંથી સાંપડી છે. ક્યારેક જીવનસંઘર્ષ કરતાં થાકી જાઉં ત્યારે તેમની મૂરત મને નવું બળ અને ચેતના પૂરાં પાડે છે.

મારા પિતાજીનું ડ્રોઈંગ અને અક્ષરો ખૂબ સારા હતા. મને યાદ છે કે હું મારું ડ્રોઈંગ અને અક્ષરો એમના જેવા કરવા ખૂબ મથતો. સરવાળે મારું ડ્રોઈંગ અને અક્ષરો તેમના કરતાં પણ સારા થયા. આ છે મારી પ્રેરણાની કામિયાબી.

આવું જ એક બીજું વ્યક્તિત્વ મારા જીવનમાં આવ્યું તે હાઈસ્કૂલ વેળાના મારા શિક્ષક સ્વ. ભોગીભાઈ રાવલ. લોહીની સગાઈએ એ મારા કાકા પણ થતા હતા. એમણે શરૂ કરેલી આરએસએસની શાખામાં એક કિશોર તરીકે હું જતો. જ્યાં દેશભક્તિ, શિસ્ત, સાદગી, નીડરતા, તન-મન અને સાથે આત્માનો વિકાસ એ મને તેમના તરફથી મળેલી દેન છે. કિશોરાવસ્થાથી યુવાવસ્થા તરફના જીવનપ્રયાણમાં એ હંમેશાં મારી પ્રેરણામૂર્તિ રહ્યા છે.

આ ઉપરાંત મહાભારત, રામાયણ, ભગવદ ગીતા, ઉપનિષદ કથાઓ અને શ્રેષ્ઠ પુસ્તકો તથા મહાત્મા ગાંધી, સ્વામી વિવેકાનંદ, સુભાષચંદ્ર બોઝ, પૂ. ગુરુજી અને મહાત્મા ટૉલ્સટૉયનાં લખાણો, વિચારોએ પણ મને ખૂબ પ્રેરિત કર્યો છે એવું હું કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારું છું.

**- નરેશ પંડ્યા**
**સેક્ટર-૩ એ**

આજે મારા પિતાશ્રી હયાત નથી છતાં તેઓના આદર્શને ધ્યાનમાં રાખીને જ કોઈપણ કાર્યનો આરંભ કરું છું, ત્યારે તેમની દિવ્ય પ્રતિમા મારા મનમંદિરમાં ઉપસી આવ્યા વગર રહેતી નથી. તેમની પ્રેરણા મારા જીવનમાં આશીર્વાદરૂપ બની છે.

લગ્ન બાદ જેની મને પ્રેરણા મળી તે બીજાં પ્રેરણારૂપ છે મારા પતિ જયપ્રકાશ ભટ્ટ, જેઓ હાલ પણ મારી પ્રેરણાના સહભાગી છે. કંઈપણ લખવાની હિંમત, મનોબળ પૂરું પાડી રહ્યા છે ને મને સતત પ્રેરણા આપે છે. મને યાદ છે કે ત્રણેક વર્ષ અગાઉ અકસ્માતે મારો જમણો હાથ ઘવાયો હતો. હું લખી શકું કે પૅન પકડી પણ શકું એવી સ્થિતિમાં નહોતી. ત્યારે મને હિંમત, સહારો, પ્રેરણા આપતા રહ્યા ને એમની પ્રેરણા થકી જ હું કવિતા, બાળકાવ્યો, વાર્તા, લેખ, લઘુનાટિકા વગેરે લખી રહી છું. આમ, મારા પિતા અને મારા પતિનું મારા જીવનમાં સવિશેષ યોગદાન રહ્યું છે, તેઓ જ મારી જીવનપ્રેરણા છે. મારી જીવન યાત્રાના સ્ત્રોત તેઓ રહ્યા છે એ બાબતનો મને ગર્વ છે.

**- કોકિલા જયપ્રકાશ ભટ્ટ**
**સેક્ટર-૮ બી**

મારી જીવનમાં પ્રેરણા બન્યા છે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી. તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે સપ્ટેમ્બર, ૨૦૦૮મા તેઓનો વિદ્યાર્થીઓ સાથેનો ઑનલાઈન સંગોષ્ઠિનો કાર્યક્રમ યોજાયો હતો. તે સમયે હું પોરબંદર ખાતે જિલ્લા શિક્ષણ તાલીમ ભવનમાં ફરજરત હતો. અમારી ઑફિસની બિલ્ડીંગમાં જ રામબા બીઍડ કૉલેજ હતી, તેના બધા વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે અમારી ઑફિસમાં બેઠા હતા. ત્યારે નરેન્દ્રભાઈની ગોષ્ઠીથી પ્રેરાઈને કેટલાક વિદ્યાર્થીઓએ શપથ લીધા કે તેઓ પાંચ અભણને ભણાવશે, પાંચ વૃક્ષો વાવશે અને ગરીબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ટ્યુશન કરાવશે.

આ જ વખતે મને પણ પ્રેરણા મળી ને મેં યુવાધનને નશાની ચુંગાલમાંથી બચાવવા વ્યસન મુક્તિ અભિયાન ચલાવવાના શપથ લીધા. મારા ઉપરી અધિકારીઓ આથી ખુબ ખુશ થયા ને મારી સર્વિસ બૂકમાં પણ આ બાબતની નોંધ લેવાઈ. એ પછી મેં વિધિવત વ્યસન મુક્તિ અભિયાનનો પ્રારંભ કર્યો.

એ પછી ૨૦૦૯માં પોરબંદર ખાતે ગરીબ કલ્યાણ મેળો યોજાયો, એમાં નરેન્દ્રભાઈ ઉપસ્થિત હતા, એમના સ્વાગત કાર્યક્રમ માટે હું દરિયાકિનારે ઉપસ્થિત હતો. ત્યારે એક સત્તાધિકારીનો ફોન આવ્યો ને મને જણાવવામાં આવ્યું કે નરેન્દ્રભાઈ મને રૂબરૂ મળવા માગે છે. મારા ઉપરી અધિકારીઓ ને સ્ટાફમિત્રો તો આ વાતથી ચિંતિત થઈ ઊઠ્યા.

સર્કિટ હાઉસ ખાતે બપોરે ૨.૦૦ કલાકે હું નરેન્દ્રભાઈને મળ્યો, પુરુષોત્તમ રૂપાલા પણ એમની સાથે બેઠા હતા. બંનેએ મને વ્યસન મુક્તિ અભિયાન માટે ખૂબ અભિનંદન આપ્યા ને મારું રચેલું ગીત 'બીડીબાઈની જાન' ગાવા માટે કહ્યું, મેં ગાયું, તેઓ ખુશ થયા ને ગાંધીનગર પહોંચી મને બિરદાવતું પ્રમાણપત્ર પણ મોકલી આપ્યું, જેને હું મારા કાર્યની સૌથી મોટી પ્રશસ્તિ માનું છું.

એ પછી તો રમેશભાઈ ઓઝા, પ્રમુખસ્વામિ મહારાજ, મોરારિબાપુ, કૈલાશદીદીના આશીર્વાદ પણ મને આ સુકાર્ય માટે પ્રાપ્ત થયા, જેમણે મારા અભિયાનને બળ પૂરું પાડ્યું છે.

આશીર્વાદ ઍજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદના ઉપક્રમે ગુજરાતના તત્કાલિન રાજ્યપાલ ડૉ. કમલા બૅનીવાલના હસ્તે મારું આ કાર્ય બદલ સન્માન પણ કરવામાં આવ્યું ને 'ધરતી રત્ન ઍવૉર્ડ ૨૦૧૧' પણ એનાયત કરવામાં આવ્યો. આવાં અનેક સન્માન ને ઍવૉર્ડ હાલ મારી ઝોળીમાં સમાયાં છે, જેની મૂળ પ્રેરણા મને નરેન્દ્રભાઈ મોદી પાસેથી પ્રાપ્ત થઈ છે એવું હું કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારું છું. આનંદ છે કે અનેક લોકોને હું વ્યસન છોડાવી શક્યો છું ને ખાસ તો ૧૫૦ જેટલી શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓને આમ કરવા માટે સમજાવી શક્યો છું. વ્યસનમુક્તિ માટે ૭ હજારથી વધુ લોકોને સંકલ્પ લેવડાવી ચૂક્યો છું ને આમ કરવા માટે મને અભિપ્રેરીત કરવા માટે કાયમ નરેન્દ્રભાઈ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

**- ગુલાબચંદ એન પટેલ**
**સેક્ટર-૧૪**